# નિબંધના વિષયો હવે ક્યારે બદલીશું !

શાળા-કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓના લેખન કૌશલ્યને વિકસાવવા માટે નિબંધ લેખનનું મહત્ત્વ વિશેષ છે. સાથે વિદ્યાર્થીઓનું કથન કૌશલ્ય વિકસાવવા માટે વકતૃત્ત્વનું મહત્ત્વ પણ સ્વીકારવું જ રહ્યું. આ માટે શાળા-કોલેજો પોતપોતાની રીતે ભૂમિકા બજાવે છે. કેટલીક શાળા-કોલેજોને વિશિષ્ટ શિક્ષકો મળ્યા હોય છે, જેનો લાભ જે તે શાળા કોલેજના વિદ્યાર્થીઓને વિશેષ મળે છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ કમભાગી હોય છે કે જેમને આવી તક મળતી  નથી. વ્યક્તિની લેખન અને કથન શકિતને વિકસાવવી હોય તો તે તે માટે ધીરજપૂર્વકના સાર્થક પ્રયત્નોની જરૂર પડે. આ શક્તિ-કૌશલ્ય એકાદ બે વર્ષમાં વિકસાવી શકાય નહીં. તે માટે શાળા-કોલેજ, ઘર, સમાજ, શિક્ષક, વિદ્યાર્થી, વાલી વગેરેના સહિયારા પ્રયત્નની જરૂર છે. એક ચોક્કસ પ્રકારના વાતાવરણની જરૂર છે. આવું વાતાવરણ જેને મળે તે સદ્ભાગી અને ન મળે તે બિચારો કમભાગી.

લેખન કૌશલ્યના વિકાસ માટે વર્ષોથી શાળા-કોલેજ કક્ષાએ ચોક્કસ પ્રકારના પ્રયત્નો-વિધિ થાય છે. આપણે પણ તેવી વિધિમાંથી પસાર થયા હતા, આપણા સંતાનો આ વિધિમાંથી પસાર થઈ રહ્યાં છે અને આપણા બાપ-દાદા પણ આવી જ વિધિમાંથી પસાર થયા હતા ! વર્ષોથી એક જ વિધિ અને એક જ પ્રકારનું વિષયવસ્તુ ! વિધિ સમાન હોય તો તે કેટલેક અંશે સ્વીકારી શકાય પણ વિષયવસ્તુમાં બદલાવ ન હોય તો તે અસ્વીકાર્ય બને છે. કારણ કે, સમયના બદલાવની સાથે ફિલસૂફી પણ બદલાય છે. આ ફિલસૂફીની સાથે હાથમાં હાથ મિલાવીને સૌએ ચાલવું જ પડે. જેમાં અત્યારની કેટલીક શાળા-કોલેજો ખૂબ જ આગળ છે તો કેટલીક શાળા-કોલેજો ખૂબ જ પાછળ છે. આમ છતાં સામાન્ય તારણ એવું નીકળે છે કે, આજેપણ મોટાભાગની શાળા-કોલેજમાં એનાએજ વર્ષોથી ચાલ્યા આવતા વિષયો પર જ નિબંધ લખાવવામાં આવે છે. સમય બદલાયો છે, માનસ બદલાયું છે, ચિંતન બદલાયું છે, હેતુઓ બદલાયા છે, આખું જગત બદલાયું છે, પણ નિબંધના વિષયો બદલાયા નથી! વિદ્યાર્થી અવસ્થામાં નિબંધ લેખનનું મહત્ત્વ વિશેષ હોવાથી તેમાં પણ પરિવર્તન લાવવું જરૂરી છે.

નિબંધ લેખનથી વિદ્યાર્થીઓને પોતાના વિચારો સ્વતંત્ર રીતે અભિવ્યકત કરવાની તક મળે છે. તે બહાના નીચે તેને ઊંડું ચિંતન કરવાની તક પૂરી પાડવામાં આવે છે. વિદ્યાર્થી પોતાના વિચારો માત્ર વ્યક્ત જ નથી કરવાના, પણ સાથે તે યોગ્ય રીતે રજૂ કરે તે હેતુ પણ રહેલો છે. વિચારના બદલાવની સાથે ફકરા પાડવા, યોગ્ય શબ્દો પસંદ કરવા, વિચારોને સચોટ રીતે રજૂ કરવા, ભાષાની વિવિધ પ્રયુકિતનો ઉપયોગ કરવો, વિવિધ ઉદાહરણો,સંદર્ભો સાથે પોતાના વિચારોની સત્યતા સાબિત કરવી વગેરે જેવી અનેક અનેક બાબતો નિબંધ લેખનમાં રહેલી છે. નિબંધ લેખનથી વિદ્યાર્થી પોતાની આગવી લેખનશૈલી વિકસાવી શકે છે. નિબંધલેખન દ્વારા વિદ્યાર્થીને નવું વિચારતો કરવાનો છે અને નવી રીતે રજૂ કરતાં શીખવવાનું છે.

નિબંધલેખન દરમિયાન શિક્ષકે માર્ગદર્શક બનવાનું છે. શિક્ષકે વિષય આપવાનો છે, નહીં કે વિષયવસ્તુ. આમછતાં શિક્ષકોએ વર્ષમાં દસબાર નિબંધો લખાવવાના હોવાથી ક્રિયાકાંડ સ્વરૂપે તે કામ પૂર્ણ થાય તેટલા પૂરતો જ રસ રાખે છે. કેટલીક શાળામાં તો શિક્ષકો જ નિબંધ

લખાવી દે છે, શિક્ષકે બોલવાનું અને વિદ્યાર્થીએ નિબંધ લખવાનો ! પરીક્ષા માટે ગોખી દેવાનો! અહીં પણ શિક્ષક જે લખાવે છે તેમાં કેટલી મૌલિકતા છે તે સામે પણ પ્રશ્નાર્થ છે. ક્યારેક તો શિક્ષકો નિબંધમાળામાંથી જોઇ જોઇને બોલે અને વિદ્યાર્થીઓ લખે! આ નિબંધમાળાઓએ જ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો દાટ વાળ્યો છે. નિબંધમાળાનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો જોઇએ એ નથી સમજયો આજનો વિદ્યાર્થી કે નથી સમજ્યો આજનો શિક્ષક. આમછતાં નિબંધમાળાનો ભરપૂર ઉપયોગ કરતા આજના શિક્ષક અને વિદ્યાર્થી પાસે નવું વિચારવાનો સમય કે આવડત જ નથી. પરિણામે વર્ષો પહેલાં જે વિષયો નિબંધમાળામાં હતાં તે જ વિષયો આજે પણ જોવા મળે છે અને શિક્ષકો તે જ વિષય પર નિબંધ લખાવવાનું પસંદ કરે છે. જે વિષયો પર દાદા નિબંધ લખતાં હતા, તે જ વિષય પર પૌત્ર નિબંધ લખે છે. ભવિષ્યમાં કદાચ એવું પણ બને કે, નિબંધ લખવા બેહેલા વિદ્યાર્થીને દાદા સલાહ આપશે કે, “ મારી નોટબુક લઇને બેસ ને. મેં પણ તે વિષય પર નિબંધ લખ્યો હતો, તારે ફટાફટ લખાઇ જશે.” નિબંધમાળાએ તો વિદ્યાર્થી અને શિક્ષકોને નિબંધલેખન માટે વિચારવામાંથી વિમુક્તિ આપી દીધી છે. વિદ્યાર્થીને વિચારતો બંધ કરી દીધો છે. આજે પણ પ્રાથમિકકક્ષાએ નિબંધ વિદ્યાર્થીના મમ્મી લખાવે છે. હા માર્ગદર્શન આપતા હોય તો સારી બાબત છે, પણ મમ્મી સાથે જે બન્યું હતું તેવું મમ્મી પણ તેના સંતાન માટે કરે છે. આમ નિબંધ શિક્ષક લખાવે, મા લખાવે કે વિદ્યાર્થી નિબંધમાળામાંથી કોપી કરે, પછી નવું વિચાવાનું વિદ્યાર્થી પક્ષે ક્યાથી રહ્યું? જેમાં કેટલાંક અંશે રાજ્ય સરકારનો શિક્ષણ વિભાગ પણ જવાબદાર છે. કારણ કે શાળાઓમાં કયાં નિબંધો લખાવવા તેનું માર્ગદર્શન શિક્ષણ વિભાગ દ્વારા પણ સૂચવવામાં આવે છે. સરકાર પરિવર્તન સ્વીકારે છે, પણ તે માટે સલાહ-સૂચનો અપાય છે તેમાં પરિવર્તન નથી દેખાતું. હા...આજે પણ કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓ તે બાબતમાં અપવાદ છે. માટે જ આજે પણ સારા લેખકો કવિઓ સમાજને મળતા રહ્યાં છે. એક દલીલ એ પણ છે કે ભાઇ વિષયો જૂના છે, પણ વિદ્યાર્થીઓ તો નવા છે ને! પણ અહીં તો વિષયો પણ જૂના અને વિષયવસ્તુ પણ જૂની. સમાજમાં આવેલ પરિવર્તન નિબંધના વિષયો અને વિષયવસ્તુ બંનેમાં દેખાવી જોઇએ. આજના વિષયો જેટલા સામાજિક, રાષ્ટ્રીય છે તેટલાં જ આંતરરાષ્ટ્રીય છે. આજનો વિદ્યાર્થી પ્રસાર માધ્યમો દ્વારા ઘણું જૂએ છે, ઘણું જાણે છે, ઘણું શીખે છે. આજના વિદ્યાર્થીની નજર ઘર અને શાળા બહાર છે, પણ વાલીની નજર ઘર બહાર અને શિક્ષકની નજર શાળા બહાર જતી નથી. આજના વાલી અને શિક્ષક કેટલીક બાબતમાં વિદ્યાર્થીની સરખામણીમાં વામણાં પૂરવાર થયાં છે. આજનો વિદ્યાર્થી કેટલીક બાબતમાં તેના શિક્ષક અને વાલીથી વધુ જાણે છે. પણ તેને અભિવ્યક્ત કરવાની તક ક્યાં છે? શાળા-કોલેજો એવી તકો કેટલા પ્રમાણમાં આપે છે? માટે જ આપણે સૌએ નિબંધના નવા વિષયો અને વિષયવસ્તુ સ્વીકારવા પડશે, તેમાં પરિવર્તન લાવવું પડશે અને વિદ્યાર્થીને પૂરતી તકો આપવી પડશે.

dr.ashokpatel@in.com